Ref: OFL/BSE/2025
Date: 06.09.2025

To,
The Corporate Relations Department
**BSE Limited**
Department of Corporate Services
P J Towers, Dalal Street, Fort,
Mumbai – 400001.

**Re: Optimus Finance Limited**
**Scrip Code: 531254**

**Sub: Submission of Newspaper publication regarding 34th Annual General Meeting, e-voting and Cut-off date information in the newspapers (Post-Dispatch)**

**Ref: Intimation under Regulation 30 and all other applicable regulations, if any, of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 as amended from time to time.**

Dear Sir / Madam,

Pursuant to the Regulation 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 as amended from time to time, please find enclosed herewith the newspapers clippings of Notice of the 34th Annual General Meeting, e-voting and Cut-off date information, published in Business Standard (English Language Newspaper) and Loksatta Jansatta (Gujarati Language Newspaper) on Saturday, 6th September, 2025.

The above information is also available on the website of the Company at www.optimusfinance.in

Kindly take the same on your records.

Thanking you,
**Yours faithfully,**
**For Optimus Finance Limited**

Vruti Surti
*Company Secretary*

OPTIMUS FINANCE LIMITED VADODARA

Encl: As above

**OPTIMUS FINANCE LIMITED**
Regd. Off.: 504A, "OZONE", Dr. Vikram Sarabhai Marg, Vadi-wadi, Vadodara-390 003, Gujarat, INDIA
Phone: +91 265 232 5321 • Email:optimusfinance@yahoo.com • CIN: L65910GJ1991PLC015044
Website: www.optimusfinance.in

### નિર્લિપ્ત રાયની આગેવાનીમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોટું ઓપરરેશન પાર પાડ્યું

# ગુજરાતમાં ૨,૩૦૦ કરોડના ડબ્બા ટ્રેડિંગ કૌભાંડનો પર્દાફાશ

## માધુપુરા ક્રિકેટ સટ્ટાકાંડનો મુખ્ય સૂત્રધાર હર્ષિત જૈન ઝડપાયો, લુક આઉટ સર્ક્યુલર પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો

અમદાવાદ, તા. ૫

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોટું ઓપરરેશન પાર પાડ્યું છે. પોલીસે ૨ હજાર કરોડથી વધુના માધુપુરા ક્રિકેટસટ્ટાકાંડના મુખ્ય સૂત્રધાર હર્ષિત જૈનને દુબઈથી ઝડપી લીધો છે. સ્ટેટ મોનિટરિંગ સેલના DIG નિર્લિપ્ત રાય અને તેની ટીમે આ મિશન પાર પાડ્યું હતું. હર્ષિત જૈન સામે લુકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ પણ કાઢવામાં આવી હતી. દુબઈ પોલીસે હર્ષિતને લોકેટ કરી લીધો હતો અને પછી સ્ટેટ મોનિટરિંગ સેલ સાથે સંકલન કરીને તેને ડિપોર્ટ કર્યો હતો. જેને અમદાવાદ એરપોર્ટ લવાયો હતો. ત્યાર બાદ તેને જીસ્ઝની ઓફિસે લઈ જવામાં આવ્યો હતો. આ કેસમાં વેલોસીટી સર્વરમાં મેટા ટ્રેડર એપ્લિકેશન મારફતે માસ્ટર આઈ.ડી. મેળવી આપનાર મુખ્ય આરોપી હર્ષિત બાબુલાલ જૈન,(રહે. પલ્લવી સોસાયટી, ઓસવાલ ભવનની પાછળ, શાહીબાગ) ધરપકડથી બચવા નાસતો-ફરતો હતો. કોર્ટમાંથી તેનું ઝઈઝ કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવ્યું હતું. આરોપી તેના પાસપોર્ટ નંબરના આધારે વિદેશ જતો રહ્યો હોવાની માહિતી મળતા તેની સામે ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ લુક આઉટ સર્ક્યુલર પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ, ભારત સરકાર મારફતે ઈન્ટરપોલને કરેલી દરખાસ્ત આધારે ૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ઈન્ટરપોલ દ્વારા તેની વિરૂધ્ધ રેડ કોર્નર નોટીસ ઈસ્યુ કરાવવામાં આવી હતી. જેના આધારે યુનાઈટેડ આરબ અમીરાત પોલીસ દ્વારા આરોપી હર્ષિત બાબુલાલ જૈનને દુબઈ ખાતે લોકેટ કર્યો અને ૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ગૃહ વિભાગ, ગુજરાત સરકાર મારફતે મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ અને મિનિસ્ટ્રી ઓફ એક્સ્ટ્રર્નલ અફેર્સના માધ્યમથી પ્રત્યાર્પણ દરખાસ્ત દુબઈ ઓથોરીટીને મોકલી હતી.

દુબઈ ઓથોરીટીએ આરોપી હર્ષિત બાબુલાલ જૈનની ધરપકડ કરી, ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ડીપોર્ટ કરતાં, સ્ટેટ મોનિટરિંગ સેલની કચેરી ખાતે લાવી ધરપકડ કરવામાં આવી.કેસની તપાસ દરમ્યાન ખોટા અને બનાવટી દસ્તાવેજો આધારે બનાવેલી ડમી પેઢી/કંપનીઓ તથા વ્યક્તિઓના



નામે એકટીવ કરેલા બેંક એકાઉન્ટોમાં રૂપિયા ૨૩૨૩ કરોડ ૧૪ લાખ ૭ હજાર ૮૩૨ના વ્યવહાર થયા હોવાનું જાણવા મળ્યું છે. જે પૈકી કુલ-૪૮૧ ખાતાઓમાં કુલ રૂપિયા ૯ કરોડ ૬૨ લાખ ૩૩ હાર ૧૪૯ ફ્રીઝ કરવામાં આવ્યા છે. જ્યારે અલગ-અલગ બેંકોના કુલ-૧૫૦૭ બેનિફિશિયરી એકાઉન્ટ તથા ડેબિટ કાર્ડ લીંક કુલ-૧૩૯ ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે.કેસમાં અત્યાર સુધીમાં ૩૦ થી વધુ આરોપીની ધરપકડ કરવામાં આવી.માધવપુરા પોલીસ સ્ટેશનમાં જે બુકીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો તે બુકીઓ વગદાર છે અને કરોડોનો આસામી છે. તેઓ વિદેશમાં વસે છે અને પોતાનો ધંધો કાયદેસર હોવાની વાતો સ્પષ્ટ જણાવી રહ્યા છે. આ કેસમાં જે બુકીઓનાં નામ ખૂલ્યાં હતાં તે બુકીઓ IPS અધિકારીઓ અને રાજકીય ઘરોબો ધરાવે છે. આમ, બુકીઓના રાજકીય દબાણથી તપાસ ઓછી થઈ હોવાનું મનાય છે.

માધુપુરાકેસમાં હર્ષિત જૈન પકડાયા બાદ પોલીસ હવે સૌરભ અને અમિત મજેઠિયા સુધી પહોંચશે. આ સહિત અન્ય બુકીઓ પણ સકંજામાં આવશે. ગુજરાતના ઈતિહાસમાં ક્રિકેટસટ્ટામાં સૌથી મોટા ૨ હજાર કરોડથી વધુના વ્યવહારનો પર્દાફાશ અમદાવાદ પીસીબીએ કર્યો હતો.

crickaba9.comની mahadev નામની બુક, skyexchange.com, abexch.com, diamondexch9.com, babl247.com, khalifaboko, radheboko, mahadevboko, annakrishnaboko તેમજ CBTF વગેરે ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટીંગ તથા શેરબજાર સટ્ટા બેટીંગની ગેરકાયદે એપ્લિકેશન ચલાવનારા જુદાજુદા આરોપીઓને આપી, ઓનલાઈન સટ્ટાના નાણાંની લેવડ દેવડ કરવામાં આવતી હતી. કેસ તપાસમાં જ વેલોસિટી સર્વર અને મેટાટ્રેડર વિશે જાણકારી મળી હતી. મેટાટ્રેડર ડબ્બા ટ્રેડિંગ પ્લેટફોર્મ છે. એક રીતે એ મોબાઈલ એપ્લિકેશન છે, જેમાં એક વ્યક્તિ એનું સંચાલન કરે છે અને અન્ય ઘણા લોકો એના પર સટ્ટો રમે છે. એમાં પણ આખી ચેનલ બનાવવામાં આવી હતી, એટલે કે વિવિધ લોકોને એજન્ટ બનાવીને તેમની આઈડી ક્રિએટ કરવામાં આવતી હતી. આ એજન્ટો અન્ય નવા લોકો સુધી પહોંચીને સટ્ટો રમાડતા હતા. આ ડિજિટલ સટ્ટાકાંડનો માસ્ટરમાઈન્ડ દીપક ઠક્કર હતો. આ દીપક ઠક્કરને સપ્ટેમ્બર-૨૦૨૪માં દુબઈથી SMCની ટીમે ઝડપી લીધો હતો.

SMCએ આ સર્વર અમદાવાદના વેજલપુરની જે ઓફિસમાંથી એપરેટ થતું હતું ત્યાં દરોડા પાડ્યા હતા. ત્યાં ફોન અને લેપટોપમાંથી ઘણી માહિતી મળી. મેટાટ્રેડરમાં કેટલા લોકો જોડાયેલા છે, કેટલા રૂપિયાનો સટ્ટો રમાય છે, કોણ-કોણ અને ક્યાંથી ઓપરેટ કરે છે એ વિગતો મળી હતી.દીપક ઠક્કર પાસેથી માધુપુરા સટ્ટાકાંડના આરોપી હર્ષિત જૈને આવી જ એક માસ્ટર આઈડી લીધી હતી, એટલે ૨ હજાર થી વધુ કરોડનો આંકડો સામે આવ્યો એ ફક્ત હર્ષિત જૈનને મળેલી માસ્ટર આઈડીથી થયેલા નાણાકીય લેડવદેવડનો છે. જે આઈડી હર્ષિત જૈન પાસે છે એવી આઈડી અન્ય ૫૦૦ લોકો પાસે પણ હતી.

### ઈડરના કડિયાદરા પીએચસીમાં બોગસ નસબંધીના બારોબાર ઓપરેશન થતા હોવાના ગંભીર આક્ષેપ

# વિજયનગરના કાલવણના પુરુષની જાણ બહાર નસબંધીનું ઓપરેશન કરી નાખતાં ચકચાર

ઈડર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કડિયાદરા પીએચસી સેન્ટરમાં કાલવણ ગામના એક પુરુષનું ઓપરેશન નસબંધીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું આ પૂરું છે કે આક્ષેપ કર્યો છે કે સ્ટાફે તેની જાણ બહાર ચાર હજાર રૂપિયાની લાલચ આપી આ ઓપરેશન કર્યું હતું નસબંધી બાબત ના હોબાળા ના કારણે સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ છે ત્યારે ઉચ્ચકક્ષાએથી તપાસની પણ માંગ ઉઠી છે વિજયનગર તાલુકાના કાલવણ ગામના બે સંતાનોના પિતા એવા એક પુરુષનું થોડા દિવસ અગાઉ કડિયાદરા પીએચસીમાં નસબંધી નું ઓપરેશન કરવામાં આવ્યું હતું આ ઓપરેશન બાદ ૫ પુરુષને ઈન્ફેક્શન થતાં નસબંધીનું સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો ભોગ બનનાર પુરુષે આક્ષેપ કર્યો હતો કે કડિયાદરા પીએચસીના સ્ટાફે તેઓનો ટાર્ગેટ પૂરો કરવા પંદર દિવસ અગાઉ મને દારૂ પીવડાવીને ફસાવ્યો હતો અને ચાર હજાર રૂપિયાની લાલચ આપી મારી જાણ બહાર મારું નસબંધીનું ઓપરેશન કરી નાખ્યું હતું આ બાબતે ભોગ બનનાર પુરુષે હોબાળો મચાવ્યા બાદ આરોગ્ય વિભાગ સામે અનેક સવાલો ઊભા થયા છે શું આંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય વિભાગ આજ પ્રકારે લોકોને ખોટા પ્રલોભનો આપી ટાર્ગેટ પૂરા કરતા હશેઅત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ મહેસાણા જિલ્લામાં પણ આ પ્રકારનું કૌભાંડ સામે આવ્યું હતું અને તેની તપાસ ચાલી રહી છે ત્યાં જ સાબરકાંઠામાં પણ આ બાબતે હોબાળો થતા આગામી દિવસોમાં અહીંથી પણ મોટું કૌભાંડ સામે આવે તેવું લાગી રહ્યું છે આ સમગ્ર બાબતે ઈડર તાલુકાના ટી.એચ.ઓ ધ્રુવ પટેલે જણાવ્યું હતું કે આ સમગ્ર આક્ષેપો અને ખોટા અને પાયા વિહોણા છે જે પુરુષનું નસબંધીનું ઓપરેશન કર્યું છે તેને ખેત સંમતિ આપ્યા બાદ સમગ્ર ઓપરેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં તેની સાથે રહેલ એક વ્યક્તિએ સાક્ષી તરીકે સહી કરેલી છે.

# ગુજરાત મજબૂત વૈશ્વિક જોડાણ ધરાવતું રાજ્ય બન્યું : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા. ૫

૬૯ બિલિયન યુએસ ડોલરના એફ.ડી.આઈ. અને નિકાસમાં ૨૭%ના યોગદાન સાથે ગુજરાત સુદ્રઢ વૈશ્વિક જોડાણ ધરાવતું રાજ્ય બન્યું છે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં વિવિધ રાજદ્વારીઓ અને મિશનના વડાઓ સાથેની સંવાદ બેઠકમાં ગુજરાતના વૈશ્વિક વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરતા જણાવ્યું હતું.વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસના ૫ ૂર્વાર્ધ રૂપે નવી દિલ્હીમાં ગુજરાત સરકાર દ્વારા ગુરુવારે મોડી સાંજે યોજાયેલી આ સંવાદ બેઠકમાં ૪૫ જેટલા રાષ્ટ્રોના રાજદૂતો, ઉચ્ચ કમિશન અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સંવાદ બેઠકમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ૨૦૦૩માં શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ઉત્તરોત્તર સફળતાને પરિણામે ગુજરાત વેપારી રાજ્યની ઈમેજથી આગળ વધીને હવે ન્યુ એઈજ ઈન્ડસ્ટ્રીનું હબ બનવા તરફ અગ્રેસર છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એ.આઈ., સ્પેસટેક, ફિનટેક, સેમિકન્ડક્ટર, ડિફેન્સ એન્ડ એરોસ્પેસ, ઈ.વી. અને ગ્રીન એનર્જી જેવા ફ્યુચરિસ્ટિક સેક્ટર્સના ઉદ્યોગોના કેન્દ્ર સાથે ગુજરાત દેશનું પથપ્રદર્શક રાજ્ય બન્યું છે.મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં પાછલા બે દશકમાં ગુજરાત ગ્રોથ, સ્ટેબિલિટી અને ઓપોર્ચ્યુનિટીઝનું ઉજ્જ્વળ પ્રતીક અને વૈશ્વિક રોકાણકારો માટે એક ટ્રસ્ટેડ પાર્ટનર પણ છે.


**ઓપ્ટીમસ ફાઈનાન્સ લિમિટેડ**

OPTIMUS FINANCE

સીઆઈએન : L65910GJ1991PLC015044

રજી. કચેરી : ૫૦૪-એ, ઓઝોન, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડી-વાડી, વડોદરા-૩૯૦૦૦૩, ગુજરાત. ટેલી. નં.: (૦૨૬૫-૨૩૨૫૩૨૧)

ઈમેઈલ: info@optimusfinance.in • વેબસાઈટ: www.optimusfinance.in

**૩૪મી વાર્ષિક સાધારણ સભા, ઈ-વોટિંગની સુચના અને અન્ય માહિતી**

આથી સૂચના આપવામાં આવે છે કે :

૧. ઓપ્ટીમસ ફાઈનાન્સ લિમિટેડ ('કંપની') ના સભ્યોની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા ('એજીએમ') મંગળવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૦૦ વાગ્યે (આઈએસટી) વીસી/ઓએવીએમ દ્વારા યોજાશે અને કંપની અધિનિયમ, ૨૦૧૩ અને ('સેબી લીસ્ટિંગ રેગ્યુલેશન્સ') હેઠળ બનાવેલા સંબંધિત નિયમોની તમામ લાગુ જોગવાઈઓનુ પાલન કરે છે. સમયાંતરે સુધારા કર્યા મુજબ, તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના સામાન્ય પરિપત્ર નંબર ૦૯/૨૦૨૪ અને અન્ય લાગુ પડતા પરિપત્રો, જો કોઈ હોય તો, કોર્પોરેટ બાબતોના મંત્રાલય ('એમસીએ') દ્વારા સમયાંતરે જારી કરવામાં આવે છે અને સેબી તેના પરિપત્રો દ્વારા પરિપત્ર નંબર SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2024/133 તારીખ ૦૩ ઓક્ટોબર, ૨૦૨૪ (ત્યારબાદ સામૂહિક રીતે 'પરિપત્રો' તરીકે ઓળખવામાં આવે છે), ૩૪મી વાર્ષિક સામાન્ય સભા ('વાર્ષિક સામાન્ય સભાની સુચના') બોલાવાતી સુચનામાં દર્શાવેલ સામાન્ય અને ખાસ વ્યવસાયનુ સંચાલન કરવા માટે વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં ભાગ લેનાર સભ્યોને કંપની એક્ટ ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમના હેતુ માટે ગણવામાં આવશે.

૨. ઉપરોક્ત પરિપત્રોની સુચના અનુસરીને વાર્ષિક સાધારણ સભા યોજવાની સુચના અમે ૨૦૨૪-૨૫ નો વાર્ષિક અહેવાલ એવા સદસ્યો જેમના ઈ-મેલ સરનામાની કંપનીઝ ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટ પાસે નોંધાયેલા છે, તે તમામ સદસ્યોને ઈલેક્ટ્રોનીક કોપીઝના રૂપમાં મોકલી આપવામાં આવ્યા છે. આ દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.optimusfinance.in, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ છે. જે રીમોટ ઈ-વોટીંગની સુવિધા તથા એજીએમમાં ઈ-વોટીંગ સુવિધા પુરી પાડવા માટે તેમજ વીસી/ઓએવીએમ મારફતે એજીએમનું સંચાલન કરવા માટે કંપનીએ નિમેલી એજન્સી છે. ઈ-મેલ મારફતે ૨૦૨૪-૨૫ ના વાર્ષિક અહેવાલની સાથે એજીએમની નોટીસ રવાના કરવાની કામગીરી તા. ૦૫મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ફરી પૂર્ણ થઈ છે.

૩. સેબી (લીસ્ટિંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુશન ૩૬(૧)(બી) અનુસાર, કંપનીએ પહેલાથી જ એવા શેરધારકોને પત્રો મોકલાવ્યા છે જેમણે તેમના ઈ-મેલ સરનામા રજીસ્ટર કરાવ્યા નથી, જેમા તેમને સંબંધિત વિગતો સાથે સંકલિત વાર્ષિક અહેવાલ માટે સીધી વેબ લિંક અને પાઠ પ્રદાન કરવામાં આવ્યો છે.

૪. કંપનીના સદસ્યો, જેઓ કટ ઓફ ડેટ એટલે કે મંગળવાર તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ શેરો ધરાવે છે, તેઓ એજીએમની સુચનામાં જણાવેલા હાથ ધરવાના વ્યવહારો અંગે મત સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) ની ઈલેક્ટ્રોનિક વોટીંગ સીસ્ટમથી આપી શકશે.

આથી તમામ સદસ્યોને જણાવવામાં આવે છે કે :

i) વાર્ષિક સામાન્ય સભાની સુચનામાં દર્શાવેલ વ્યવસાય વાર્ષિક સામાન્ય સભામાં રીમોટ ઈ-વોટીંગ અથવા ઈ-વોટીંગ સીસ્ટમ દ્વારા કરવામાં આવશે.

ii) એજીએમમાં રીમોટ ઈ-વોટીંગ અથવા ઈ-વોટીંગ સીસ્ટમથી મતદાન કરવા માટેની પાત્રતા નક્કી કરવા માટેની કટ ઓફ ડેટ (રેકોર્ડ ડેટ) મંગળવાર, તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે.

iii) રીમોટ ઈ-વોટીંગનો પ્રારંભ શનિવાર, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારના ૯.૦૦ વાગ્યે (આઈએસટી) થશે.

iv) રીમોટ ઈ-વોટીંગ સોમવાર, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજના ૫.૦૦ વાગ્યે (આઈએસટી) સમાપ્ત થશે.

v) રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ સોમવાર તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજના ૫.૦૦ વાગ્યા પછી બંધ કરવામાં આવશે.

vi) એવી કોઈપણ વ્યક્તિ, કે જે એજીએમની નોટીસ પાઠવ્યા પછી કંપનીના ઈક્વીટી શેર મેળવે છે અને કંપનીનો સભાસદ બને છે અને કટ ઓફ ડેટના રોજ ઈક્વીટી શેરધારક છે, તે એજીએમની સુચનામાં આપેલી સુચનાઓ અનુસાર લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી/બનાવી શકે છે.

vii) સદસ્યો નોંધ લે કે :

અ) સદસ્ય એકવાર ઠરાવ ઉપર મત આપી દે પછી એ સદસ્યને મત બદલવાનો અધિકાર નથી.

બ) એજીએમમાં પણ મત આપવાની વ્યવસ્થા રાખવામાં આવશે અને વીસીના માધ્યમથી જેઓ એજીએમમાં હાજરી આપી રહ્યા છે તેવા સદસ્યો, કે જેમણે ઠરાવો પર રીમોટ ઈ-વોટીંગથી મત આપ્યો નથી, તેઓ એજીએમમાં ઈ-વોટીંગ સીસ્ટમથી મત આપી શકશે.

ક) એવા સદસ્યો જેમણે એજીએમ પહેલા રીમોટ ઈ-વોટીંગથી મત આપ્યો છે તેઓ એજીએમમાં ભાગ લઈ શકશે પરંતુ ફરીથી મતદાન નહીં કરી શકે અને

ડ) કટ ઓફ ડેટના રોજ જેમનુ નામ ડીપોઝીટરી દ્વારા જાળવવામાં આવતા મેમ્બર્સના રજીસ્ટર અથવા બીનીફીશીયલ ઓનર્સના રજીસ્ટરમા નોંધાયેલુ છે માત્ર એવા સદસ્યો જ એજીએમમાં રીમોટ ઈ-વોટીંગ અથવા ઈ-વોટીંગની સુવિધા મેળવવા પાત્ર ગણાશે.

viii) એજીએમની નોટીસમાં ડીમટીરીયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા અને એવા સદસ્યો જેમણે પોતાના ઈ-મેલ સરનામાની નોંધ કરાવી નથી તેઓ કેવી રીતે રીમોટ ઈ-વોટીંગ કરી શકે તે દર્શાવવામાં આવ્યું છે.

ix) જે સભ્યોએ પોતાના ઈ-મેલ સરનામા રજીસ્ટર કરાવ્યા નથી તેમણે વિનંતી છે કે તેઓ તેમના ઈ-મેલ સરનામાં અને મોબાઈલ નંબર સંબંધિત ડીપોઝીટરી સહભાગી(ઓ) પાસે રજીસ્ટર કરાવે. ભૌતિક રીતે શેર ધરાવતા સભ્યો, જેમણે પોતાના ઈ-મેલ સરનામાં રજીસ્ટર/અપડેટ કર્યા નથી, તેમણે વિનંતી છે કે તેઓ નિર્ધારીત ફોર્મ ISR-1 અને અન્ય સંબંધિત ફોર્મમાં વિગતો મેસર્સ એમયુએફજી ઈન ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ જાણીતા લીંક ઈન ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ), કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, તેમના સરનામા 'ગીતા કુંજ' ૧, ભક્તિ નગર સોસાયટી, એબીએસ ટાવર પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૫, ગુજરાત, ભારત અથવા vadodara@in.mpms.mufg.com પર સબમીટ કરે. શેરધારકો કંપનીની વેબસાઈટ https://www.optimusfinance.in/wp-content/uploads/2025/01/KYC-updation-as-per-SEBI-Circular-Dated-June-10-2024.pdf પરથી ડાઉનલોડ કરી શકે છે.

ix) જે સદસ્યોને એજીએમ તેમજ સીડીએસએલની ઈ-વોટીંગ સીસ્ટમ અંગે કોઈ મુંઝવણ કે મુશ્કેલી હોય તેઓ helpdesk.evoting@cdslindia.com ને ઈ-મેલ પાઠવીને અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૧૦૯૯૧૧ પર સંપર્ક કરીને સમાધાન મેળવી શકે છે.

બોર્ડની સૂચનાથી,
ઓપ્ટીમસ ફાઈનાન્સ લિમિટેડ વતી
વૃતિ સુરતી
કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા
તારીખ : ૦૫.૦૯.૨૦૨૫


### વાવાઝોડા સાથે વરસાદની આગાહી હોવાથી ગણપતિ વિસર્જન વેળા નદી તેમજ દરિયા કિનારે જવા સાવધાની રાખવા સુચના

# આજે ૨૧ કૃત્રિમ તળાવો, ત્રણ ઓવારેથી શ્રીજીની ૮૫ હજારથી વધુ પ્રતિમાનું વિસર્જન કરાશે



તાપી કાંઠાનો વિસ્તાર પાણીમાં



હજીરા ઓવારા ખાતે ક્રેઈનો તૈનાત



ડક્કા ઓવારાનું કૃત્રિમ તળાવ પાણીમાં

સુરત, તા.૫

પ્રાણ પ્યારા આરાધ્ય દેવનાં દસ દિવસ પૂજન, અર્ચન બાદ હવે ભાવભીની વિદાયનો સમય આવી ગયો છે. શનિવારે અનંત ચતુર્દશીનાં દિવસે શહેરમાં ૨૧ કૃત્રિમ તળાવ અને ત્રણ ઓવારેથી ૮૫ હજારથી વધુ પ્રતિમાઓનું વિસર્જન કરાશે. વિઘ્નહર્તાદેવની વિસર્જન યાત્રા નિર્વિઘ્ને પાર પડે એ માટે પોલીસ અને પાલિકા તંત્ર દ્વારા પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. વિસર્જન યાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે એ માટે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ સાથે વ્યુહાત્મક રીતે બંદોબસ્ત ગોઠવ્યો છે. ઉકાઈ ડેમનાં ઉપરવાસમાં ભારે વરસાદ હોવાથી ડેમમાં પણ પાણીની આવક પોણા બે લાખ ક્યુસેક્સ છે અને ૧.૬૩ લાખ ક્યુસેક્સ પાણી ડેમમાંથી છોડવામાં આવી રહ્યું છે જેને કારણે તાપી નદી આજે બે કાંઠે વહેતી થઈ હતી. વાવાઝોડા અને ભારે વરસાદની આગાહી હોવાથી નદી કાંઠે તેમજ દરિયા કિનારે જવા અંગે સાવધાની રાખવા તંત્ર દ્વારા ખાસ સુચના આપવામાં આવી છે.

પૂઢચ્યા વરસી લવકર યા એવા કોલ સાથે દૂંદાળા દેવને શનિવારે ભારે હૈયે વિદાય આપવામાં આવશે. વિનાયકને વિદાય આપવા માટે ભક્તો અને શ્રદ્ધાળુઓ ખૂબ મોટી સંખ્યામાં રોડ ઉપર ઉમટી પડતાં હોય છે. લાખોની જનમેદની વચ્ચે ૮૫ હજારથી વધુ પ્રતિમાઓનું શહેરમાં મગદલ્લા, ડુમસ અને હજીરા ખાતેનાં કુદરતી ઓવારે તેમજ ઝોન વાઈઝ પાલિકા દ્વારા બનાવાયેલા ૨૧ કૃત્રિમ તળાવોમાં વિસર્જન કરવામાં આવશે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર્યાવરણને અનુકૂળ ગણેશ વિસર્જન માટે શહેરમાં કુલ ૨૧ કૃત્રિમ તળાવોની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં પાંચ ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતી પ્રતિમાઓ વિસર્જીત કરી શકાશે. જ્યારે પાંચથી દસ ફૂટ સુધીની મૂર્તિને ડુમસ, પાંચ ફૂટથી ૧૪ ફૂટ સુધીની મૂર્તિનું મગલ્લા અને ૧૪ ફૂટથી ઉંચી પ્રતિમાઓના વિસર્જન માટે હજીરા ઓવારે વ્યવસ્થા ઉભી કરાઈ છે. શહેરમાં ૯ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી ૨૦૦ જેટલી પ્રતિમાઓ છે. આથી આ પ્રતિમાઓનું સમયસર અને સલામત રીતે વિસર્જન કરવા હજીરા ઓવારે વિશેષ ક્રેઈન સાથે સુવિધા ઉભી કરવામાં આવી છે. ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે પોલીસ કમિશનરે વિસર્જન યાત્રા રૂટ ઉપર વાહન વ્યવહાર પ્રતિબંધીત જાહેર કર્યો છે. અહીંના ટ્રાફિકને આંતરિક માર્ગો ઉપર ડાયવર્ટ કરી દેવાશે.

વિસર્જન માટે બનાવાયેલાં તમામ ઓવારા ઉપર શુક્રવારે પોલીસ અને પાલિકાનાં ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લઈ વ્યવસ્થાની ચકાસણી કરી હતી. આ ઉપરાંત વિસર્જન યાત્રા રૂટ ઉપરનાં બંદોબસ્તનું રિહર્સલ પણ કરાયું હતું. પોલીસ કમિશનરે તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ફરી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. પોલીસ ઉપરાંત, પેરા મિલિટરી ફોર્સના જવાનોને કમિશનર ગહલૌતે સંબોધી તકેદારી રાખવા યોગ્ય બાબતો જણાવી હતી.

### કોલસાની સાથે પ્રીમિયમ કાર પરથી પણ સેસ નાબૂદ કરવાની કેન્દ્ર સરકારની યોજના

# ૪૦%નો તોતિંગ GSTછતાં લક્ઝરી કાર એકથી દોઢ લાખ રૂપિયા સુધી સસ્તી થશે

**જયેશ બ્રહ્મભટ્ટ, તા.૫**

જીએસટી કાઉન્સિલે ૧૨૦૦ સીસીની પેટ્રોલ કાર અને ૧૫૦૦ સીસીની ડિઝલ કારથી મોટી મોટકારોને ૪૦ ટકાના નવા ટેક્સ સ્લેબ સામેલ કરી હોવાની જાહેરાત બાદ સોશિયલ મીડિયા પર સમાચારો વહેતા થયા છે કે પ્રીમિયમ ક્લાસની લક્ઝરી મોટરકારો અતિશય મોંઘી થશે. પરંતુ, હકીકત એ છે કે ૪૦ ટકા જેટલો તોતિંગ જીએસટી વસૂલ કરાયા પછી પણ પ્રીમિયમ કારો રૂ.૧ લાખથી રૂ.૧.૫૦ લાખ જેટલી સસ્તી થશે.

ગઈ તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૫નાં રોજ મળેલી જીએસટી સેન્ટ્રલ કાઉન્સિલની મીટિંગમાં એવું સર્વાનુમતે નક્કી કરાયું છે કે નાની કાર અને દ્વિચક્રી વાહનો પર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવે, જેનાથી આ વાહનોની કિંમતો નોંધપાત્ર રીતે ઘટશે. બીજી તરફ, મધ્યમ અને મોટી કાર, જેમાં ૧૨૦૦ સીસીથી વધુ પેટ્રોલ એન્જિન, ૧૫૦૦ સીસીથી વધુ ડીઝલ એન્જિન અથવા ૪ મીટરથી લાંબી કારનો સમાવેશ થાય છે, તેના પર ૪૦ ટકા જીએસટી લાગશે. આ નવા નિયમો ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫થી લાગુ થશે. આ પ્રકારની જાહેરાત બાદ લક્ઝરી સેગમેન્ટમાં આવતી પ્રીમિયમ કારોનાં ભાવ ભડકે બળશે તેવી વાતો સોશિયલ મીડિયામાં ચાલી રહી છે પરંતુ, હકીકત તેનાથી સાવ વિપરિત છે. જાણકારોનું કહેવું છે કે હાલમાં (તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી) ૧૨૦૦ સીસીથી વધુ પેટ્રોલ અથવા ૧૫૦૦ સીસીથી વધુ ડીઝલ એન્જિન અને ૪ મીટરથી લાંબી કાર પર ૨૮ ટકા જીએસટી ઉપરાંત ૧૭-૨૨ ટકા કમ્પેન્સેશન સેસ લાગતો હતો, જેનાથી પ્રીમિયમ લક્ઝરી મોટરકારો પર કુલ ટેક્સ તેની મૂળ કિંમતના ૪૫થી ૫૦ ટકા સુધી પહોંચી જાય છે.

**હાલમાં પ્રીમિયમ કારો પર ૨૮ ટકા જીએસટી ઉપરાંત ૧૭થી ૧૯ ટકા જેટલો સેસ વસૂલ કરવામાં આવે છે, ૨૨ સપ્ટેમ્બરથી સેસ સંપૂર્ણ નાબૂદ થઇ જશે**

હવે તા.૨૨મી સપ્ટેમ્બરથી લાગુ થનારા જીએસટીનાં નવા નવા નિયમો અને સ્લેબ બાદ પરિસ્થિતિ બદલાશે. નવા નિયમોમાં ૧૭થી ૨૨ ટકાનો કમ્પેન્સેશન સેસ સંપૂર્ણપણે હટાવી દેવામાં આવશે, અને હવે માત્ર ૪૦ ટકાનાં ફ્લેટ રેટથી જીએસટી વસૂલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેનાથી મોટી કાર, જેમ કે મર્સિડીઝ-બેન્ઝ, ઓડી, અને બીએમડબ્લ્યુ જેવી લક્ઝરી કારની કિંમતો હાલનાં કરતા ઘટશે.

### લક્ઝરી કારોની કિંમત આ રીતે ઘટશે

રૂ.૧૫ લાખ રૂપિયા (એક્સ-શોરૂમ)ની કિંમતની પેટ્રોલ કે ડીઝલ કારની ખરીદી પર જૂના અને નવા નિયમ અનુસાર જીએસટી ટેક્સની અસર આ પ્રમાણે થશે.

**જૂનો ટેક્સ ૪૫ ટકા હોય તો**

» **બેઝ પ્રાઇસ** = ૧૫,૦૦,૦૦૦ ÷ ૧.૪૫ = રૂ. ૧૦,૩૪,૪૮૩.

» **નવો ૪૦ ટકા ટેક્સ** = ૧૦,૩૪,૪૮૩ ÷ રૂ.૧.૪૦ = રૂ.૧૪,૪૮,૨૭૬.

બંને કિમતોની સરખામણી કરીએ તો લગભગ રૂ.૫૧,૭૨૪ની બચત થાય છે.

**જૂનો ટેક્સ ૫૦ ટકા હોય તો:**

» **બેઝ પ્રાઇસ** = ૧૫,૦૦,૦૦૦ ÷ ૧.૫૦ = રૂ.૧૦,૦૦,૦૦૦.

» **નવો ૪૦ ટકા ટેક્સ** = ૧૦,૦૦,૦૦૦ ÷ રૂ. ૧.૪૦ = રૂ.૧૪,૦૦,૦૦૦

એટલે લગભગ રૂ.૧,૦૦,૦૦૦ની બચત થશે.

**આ રીતે, નવા ૪૦ ટકાના સ્લેબ છતાં લક્ઝરી કારની કિંમતો રૂ.૫૦,૦૦૦થી રૂ.૧ લાખ સુધી ઘટી શકે છે.**

### પ્રતીક શાહનાં ફ્લેટમાંથી વધુ છ બોગસ વિઝા સ્ટીકર મળી આવ્યા

સુરત, તા.૫

વિદેશ જવા ઈચ્છતા લોકોને બોગસ વિઝા સ્ટીકર બનાવી ચીટિંગ કરનારા પ્રતીક શાહનાં ફ્લેટમાંથી વધુ છ સ્ટીકર મળ્યા હતાં.સ્પેશિયલ ઓપરેશન ગૃપનાં ઈન્સ્પેક્ટર અશોક પી. ચૌધરીની બાતમીના આધારે પાલનપુર જકાતનાકા વિસ્તારમાં ઝઘડિયા ચોકડી પાસે શ્રીજી નગરી સોસાયટી નજીક આવેલ સમોર રેસીડેન્સી એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૨૦૨ માં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીંથી પ્રતીક ઉર્ફે અભિજીત નિલેશ શાહને પકડી ઘરની તલાશી લેવાઈ હતી. જેમાં પ્રતીકના લેપટોપમાંથી પાંચ દેશોના અલગ અલગ વ્યક્તિઓનાં નામે બનાવાયેલા વિઝા સ્ટીકર મળી આવ્યા હતાં. પૂછપરછ દરમિયાન પ્રતીકે વિઝાના નામે ફ્રોડ કરતાં એજન્ટોનાં કહેવાથી બોગસ વિઝા સ્ટીકર બનાવતો હોવાની કબૂલાત કરી હતી.વોન્ટેડ કેતન દીપકભાઈ સરવૈયા (રહે.આણંદ) દિલ્હીમાં રહેતો પરમજીતસિંગ, અને સચિન શાહ વિદેશ મોકલવા માટેના વિઝા આપવાનું કામકાજ કરતા હતા